# પેસ્ટલ કલર આઉટફિટ માત્ર ટ્રેન્ડ જ નહિ પરંતુ સ્ટાઈલ સ્ટેટમેન્ટ



ખૂબસૂરત અને એલિગન્ટ પેસ્ટલ કલર્સની વાત જ કંઈક અલગ છે. પેસ્ટલ રંગ જોઈને જ તમારું મન ખુશ થઈ જાય છે. જોવામાં સિમ્પલ આ રંગ તમને તાજગી સાથે કલાસી, એલિગન્ટ લુક પણ આપે છે. આ રંગની સૌથી મોટી ખાસિયત એ છે કે એ આસપાસના બીજા કલર્સ સાથે સહેલાઈથી ભળી જાય છે. વળી આ કલર્સ કદી આઉટ ઓફ ટ્રેન્ડ થતાં નથી. એ તમે કોઈ પણ અવસરે અને કોઈ પણ મોસમમાં કેરી કરી શકો છો. ખાસ ઈવેન્ટ, લગ્ન, પાર્ટીમાં બહુ વધારે ચમકદમક ન જોઈતી હોય તો પેસ્ટલ કલર્સ બેસ્ટ છે. આ રંગની આવી ખાસિયતને કારણે એ ઝડપથી પોપ્યુલર થઈ રહ્યા છે. હવે તો બ્રાઈડ્સ પણ લહેંગા-સાડીમાં આ કલર્સ સાથે એક્સપરિમેન્ટ કરવામાં પીછેહઠ કરતી નથી. પેસ્ટલ કલર્સ લાઈટ, સોફ્ટ અને સુથિંગ શેડ્સ હોય છે.

પેસ્ટલ કલર પોતે જ ખૂબસૂરત લાગે છે, બસ એને યોગ્ય રીતે સ્ટાઈલ કરવા બેહદ જરૂરી છે. આવો જોઈએ કેટલીક સ્ટાઈલિંગ ટિપ્સ જેને ફોલો કરી તમે પેસ્ટલ કલરમાં અત્યંત સ્ટનિંગ દેખાઈ શકો છો.

સ્કિન ટોન અનુસાર યોગ્ય પેસ્ટલ કલર્સ પસંદ કરો

પેસ્ટલ કલર લાઈટ હોય છે એટલે જો તમે તમારી ત્વચા અનુસાર યોગ્ય શેડ પસંદ ન કરો તો એ તમારા ચહેરાની ચમક ઓછી કરી શકે છે.

## ફેર સ્કિન

- બેબી પિન્ક, પાઉડર બ્લૂ અને લવંડર જેવા શેડ્સ ચહેરાની ચમક વધારે છે.
- વધુ પડતાં ફિક્કા પેસ્ટલ કલર્સ પસંદ ન કરો એ તમને વધારે ફિક્કા બતાવી શકે છે.
- પેસ્ટલ સાથે ડાર્ક રંગોનું કોમ્બિનેશન કરી લુક બેલેન્સ કરો.

## મીડિયમ કે ઓલિવ સ્કિન ટોન

- પીચ, મિન્ટ, કોરલ અને પાઉડર બ્લૂ સારા લાગે છે.
- ડસ્ટી રોઝ અને સેજ ગ્રીન જેવા અર્થી પેસ્ટલ શેડ્સ વધુ સારા લાગે છે.
- લાઈટ યલો જેવા વધુ કુલ ટોન થોડા ફિક્કા લાગી શકે છે.

## ડાર્ક સ્કિન

- લવંડર, ટીલ અને બટર યલો જેવા બોલ્ડ પેસ્ટલ કલર્સ સારા લાગે છે.
- વધારે પડતાં લાઈટ કે ગ્રેઈશ પેસ્ટલ શેડ્સ ટાળો કારણ કે એ આકર્ષક લાગતા નથી.
- ડાર્ક કલર્સ સાથે પેસ્ટલ પેર કરો જેથી સારો કોન્ટ્રાસ્ટ બની શકે.

## ન્યૂટ્રલ કલર સાથે બેલેન્સ કરો

જ્યારે પણ તમે પેસ્ટલ કલરને તમારા લુકનો ભાગ બનાવો તો કોશિશ કરો કે તમે એને ન્યૂટ્રલ કે થોડા ડાર્ક કલર્સ સાથે પહેરી એને બેલેન્સ કરો. પૂરા આઉટફિટમાં પેસ્ટલ કલર રાખવાથી ઓવર પાવરિંગ લાગી શકો છો. પેસ્ટલ પિન્ક ટોપ સાથે બેજ ટ્રાઉઝર કે મિન્ટ ગ્રીન કુરતા સાથે વ્હાઈટ પલાઝો સ્ટાઈલ કરી શકાય. વ્હાઈટ, બેજ, ટેન કે ગ્રે જેવા ન્યૂટ્રલ કલર પેસ્ટલ લુકને નિખારે છે. એનાથી તમારો લુક વોશ્ડ આઉટ લાગતો નથી.

## એક્સેસરીઝથી લુક કમ્પલીટ કરો

યોગ્ય એક્સેસરીઝ તમારા આખા લુકને બદલી શકે છે. પેસ્ટલ કલર આઉટફિટ પહેરતી વખતે એક્સેસરીઝથી તમે લુકને સ્પાઈસ અપ કરી શકો છો. પેસ્ટલ આઉટફીટ સાથે તમે ટેન લેધર બેગ, ન્યૂડ હિલ્સ, મેટાલિક ઈયરિંગ્સ કે બ્રાઈટ દુપટ્ટા અથવા સ્કાર્ફ પેર કરી શકો. એક્સેસરીઝ પેસ્ટલ લુકમાં પોપ એડ કરે છે. જો તમારા આઉટફિટ બહુ લાઈટ લાગતાં હોય તો બ્રાઈટ બેગ કે ડાર્ક સનગ્લાસિસ જેવી એક ડાર્ક એક્સેસરીઝ પહેરો.

## ગોલ્ડ-સિલ્વર જ્વેલરી

ગોલ્ડ પેસ્ટલમાં વોર્મનેસ લાવે છે જ્યારે સિલ્વર એને કુલ અને એલિગન્ટ બનાવે છે.

## ન્યૂટ્રલ બેગ અને ફૂટવેર

ન્યૂડ, સફેદ અને બેજ રંગના બેગ અને ફૂટવેર પેસ્ટલ સાથે પર્ફેક્ટ બેલેન્સ કરે છે. જો બોલ્ડ લુક ઈચ્છતાં હો તો સ્ટેટમેન્ટ ફૂટવેર પસંદ કરો.

## પેસ્ટલ ઓન પેસ્ટલ

જો તમને કલર મેચિંગ પસંદ હોય તો બેબી બ્લૂ બેગ લવંડર ડ્રેસ સાથે પેર કરો.

## સ્ટેટમેન્ટ પીસ

બોલ્ડ બેલ્ટ, મોટી વોચ કે ઓવરસાઈઝ સનગ્લાસિસ તમારા લુકને નિખારી શકે છે.

## મેકઅપથી ટિવસ્ટ આપો

મોટા ભાગે પેસ્ટલ કલરમાં તમારો લુક વોશ્ડ આઉટ લાગતો હોય તો શક્ય છે કે તમે મેકઅપ પર પૂરતું ધ્યાન આપતાં ન હો. જો આઉટફિટ સટલ હોય તો મેકઅપથી થોડો કલર એડ કરો. તમે પેસ્ટલ આઉટફીટ સાથે કોરલ કે બેરી લિપસ્ટિક તથા લાઈટ બ્લશ લગાડી શકો.

## ટિપ્સ

» બેજ અને ક્રીમ કલર પેસ્ટલ શેડ્સમાં સૌથી વધુ પોપ્યુલર કલર છે કારણ કે એ લગભગ બધા રંગ સાથે સહેલાઈથી મેચ થઈ જાય છે. સ્ટાઈલિશ લુક માટે એને બ્લેક, ગ્રે કે વ્હાઈટ સાથે ટીમઅપ કરો.

» પેસ્ટલ આઉટફિટ્સ પસંદ કરતી વખતે ધ્યાન રાખો કે એમાં વધારે પડતાં કટ, ડિઝાઈન કે પ્રિન્ટ ન હોય કારણ કે એનાથી જનરલી નિખરવો જોઈએ એટલો લુક નિખરતો નથી.

» જો તમને લાગતું હોય કે પેસ્ટલ કલર સિમ્પલ લાગે છે તો બ્રાઈટ કલર સાથે પેર કરી શકાય. દા.ત. કોઈ પણ પેસ્ટલ શેડનું ડાર્ક વર્ઝન કે લાઈટ ટ્રાય કરો. ફુશિયાને બદલે લાઈટ ગુલાબી પસંદ કરી શકાય.

» આ એક સ્ટાઈલ સિક્રેટ છે. સ્ટાઈલિશ લુક માટે તમે એ ગમે ત્યારે ટ્રાય કરી શકો છો. એક જ કલરના લાઈટ અને ડાર્ક શેડ એક સાથે ટ્રાય કરો. બેજ સાથે ચોકલેટ બ્રાઉન અથવા પાઉડર પિન્ક સાથે મજેન્ટા. તમે ફૂટવેરમાં પણ એ અજમાવી શકો.

» જો આઉટફીટ થ્રી પીસ હોય દા.ત. ટ્રાઉઝર, ટોપ અને બ્લેઝર અથવા કુરતા, પલાઝો અને દુપટ્ટા તો ડ્રેસની તાજગી જાળવવા માત્ર કોઈ એકમાં જ પેસ્ટલ શેડ પસંદ કરો. જો બે-ત્રણ રંગનો ઉપયોગ કરવો હોય તો એક જ ફેમિલીના લાઈટ અને ડાર્ક કલર સાથે એક્સપરિમેન્ટ કરી શકાય.

» જો તમને બે પેસ્ટલ શેડ્સ મિક્સ કરવામાં મુશ્કેલી પડતી હોય તો એક પેસ્ટલનો મેઈન આઉટફિટમાં અને બીજાનો એક્સેસરીઝમાં ઉપયોગ કરો.

» પર્લ એક્સેસરીઝ પેસ્ટલ સાથે હંમેશાં ખૂબસૂરત લાગે છે.

» લેયરિંગ કરો. તમો કેમિસોલ કે શ્રગમાં પેસ્ટલ કલર પસંદ કરી શકો.

## પેસ્ટલ કલર કોમ્બિનેશન

માત્ર એક જ પેસ્ટલ કલરને બદલે અલગ-અલગ પેસ્ટલ શેડ્સ મિક્સ કરી એક નવો અને આકર્ષક લુક મેળવી શકાય છે.

બ્લશ પિંક + મિન્ટ ગ્રીન- સોફ્ટ અને ફ્રેશ લુક
લવંડર + બેબી બ્લૂ- કુલ, કલાસી લુક
પીચ + સોફ્ટ યલો - વોર્મ અને ફ્રેન્ડલી અપિયરન્સ
પાઉડર બ્લૂ + લવંડર- એલિગન્ટ, સોફ્ટ ટચ
કોરલ + ક્રીમ વ્હાઈટ- એવરગ્રીન, ક્લાસી લુક

